**ગરીબી રેખા હઠળ જીવતી વિકલાંગ વ્યકિતઓને**
**આર્થીક સહાય આપવા યોજના બાબત.**

ગુજરાત સરકાર
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**પરિપત્ર ક્રમાંકઃઅપગ/૧૦૨૦૦૯/૨૧૬(૧)/છ.૧**
સચિવાલય,ગાંધીનગર
તારીખ ૩૧–૭–૨૦૦૯

વંચાણે લીધાઃ–
(૧) ઠરાવ ક્રમાંકઃ અપગ–૧૦૨૦૦૯–૨૧૬(૧)–છ.૧ તા.૩૧–૭–૨૦૦૯.

**આમુખ :–**

ગરીબી રેખા હેઠળની રાજયમાં વસતી વિકલાંગ વ્યકિતઓને આર્થીક સહાય આપવાની ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ (આઈ.જી.એન.ડી.પી.એસ) સંત સુરદાસ યોજના ઉપર વંચાણે લીધેલ ક્રમાક(૧) આગળના ઠરાવથી અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાના અસરકારક અમલ માટે તેમજ ભારત સરકાર તરફથી મળતી સહાય અને રાજય સરકારની સહાયના હિસાબો વ્યવસ્થિત રહે તે માટે નીચે મુજબની સુચનાઓ સંબંધિત સર્વે અમલ કરનાર અધિકારીઓને આપવામાં આવે છે.

**પરિપત્ર :–**

(૧) ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ (આઈ.જી.એન.ડી.પી.એસ)સંત સુરદાસ યોજના અંતર્ગત. શૂન્યથી ૧૭ વર્ષની ઉમર સુધીની વિકલાંગ વ્યકિતને આપવામાં આવતી આર્થીક સહાયના ખર્ચના પત્રકો અલગ રાખવા.

(૨) ૧૮ થી ૬૪ વર્ષની વય જુથની વિકલાંગ વ્યકિતઓને આપવામાં આવતી રકમની ચૂકવણીના હુકમમાં રુા.૨૦૦/– કેન્દ્ર સરકારની સહાય છે તથા રુા. ૨૦૦/– રાજય સરકારની સહાય છે તેવો ઉલ્લેખ કરવો.

(૩) ૧૮થી ૬૪ વર્ષ ની વય જૂથની વિકલાંગ વ્યકિતઓને અપાતી પેન્શનની રકમના પણ અલગ અલગ પત્રકો રાખવા.

(૪) ૬૪ વર્ષ પૂર્ણ કર્યેથી વિકલાંગ વ્યકિતને આપોઆપ વૃધ્ધ પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

ઉપર મુજબની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા માટે આથી સર્વે સંબંધકર્તા અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( જયદિપ દ્વિવેદી )**
**સરકારના ઉપસચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

........૨/–

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
મા.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
માન.વિરોધ પક્ષના નેતાશ્રીનાઅંગત સચિવશ્રી, ગુજરાતવિધાનસભા ,સચિવાલય,ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, બહુમાળી મકાન,અમદાવાદ*
સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય,ગાંધીનગર
વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ભોંયતળિયુ, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
માહિતી ખાતુ, ગુજરાત રાજય, ૭, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર ઉચિત પ્રેસનોટ પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.

ન.અપગ/સંત સુર. ઠરાવ/૦૯-૧૦/ ૭૫૫૪
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગુ.રા.,
બ્લોક ન.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તા. ૭-૦૮-૨૦૦૯.

* પત્ર દ્વારા.

**નકલ સવિનય રવાના જાણ તથા જરુરી કાર્યવાહી સારુ.**

(૧) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી.
(૨) સંબધિત ફાઇલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુ.રા., ગાંધીનગર.